February 2025


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 05 / 228
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા વ્હાલા મિત્રો,**

**પ્રણામ !**

આપ સહુની ક્ષેમકુશળતા ચાહુ છું...

આંગળીના ટેરવા પર ઉઘડતી દુનિયા મોબાઈલ ફોનની નવી પરિભાષા છે એને કારણે લાખો નેત્રકમલને હવે બારી બહારનું આકાશ જોવા મળતું નથી. હથેળીની સ્ક્રીન પર દેખાતા રંગોમાં માણસ ઋતુઓને, પ્રકૃતિના બદલાવને માણી શકતો નથી. નભો મંડળમાં સાવ નાનકડા તારલિયાના ટપકા એકબીજાને અડીને ચાલતા દેખાય છે. જુહૂના રસ્તા પર વસંત ઋતુનું આગમન, વસંત પંચમી, પંચમ સૂરે ટહુકા કરતાં પક્ષીઓ સાથે કેસૂડાનું આગમન આપણને અખંડ આનંદનો પરિચય આપે છે. આકાશ આપણા હૃદયને વિશાળતા આપે છે અને મનુષ્ય તરીકે અનિવાર્ય એવી ઉદારતા આપણને આ આકાશ પાસેથી જ મળે છે. વસંત ઋતુ આપ સહુના જીવનમાં વસંત લાવે તેવી શુભેચ્છા.

મારા સ્વજનો આપ સહુ **લોનાવલાનું હોલી ડે હોમ** ઝડપથી પૂરું થાય અને તેનો લાભ લેવા ચાતકની જેમ રાહ જોઈ રહ્યા છો. અમે પણ આ પ્રોજેક્ટ પાછળ સતત ને સતત કામ કરી રહ્યા છીએ, આપ સહુને **'પ્રતિબિંબ'** દ્વારા પ્રમુખના પત્રમાંથી વાંચવા અને જાણવા મળે છે. હમણાં જ મારી સાથે **શ્રી ધર્મેશ જશવંતભાઈ શાહ** (લીમડીનો પાડો) (હાલ વિલેપાર્લે (વે) **તા. ૧૫, ૧૬, ૧૭ ફેબ્રુઆરીમાં આયોજન કરીને જયપુર નજીક મકરાણામાં મુલાકાત લઈ આવ્યા છીએ. ધર્મેશને જિનાલયના પ્રતિમાઓ વિશે વિશેષ જ્ઞાન છે. જયપુરમાં રત્નો અને માર્બલ (MARBAL) ની પ્રતિમાઓ જોઈ છે. તેમજ મકરાણામાં આરસ (MARBAL) જોઈને ચર્ચા-વિચારણા ચાલુ છે માર્ચ મહિનામાં જિનાલયનું બાંધકામ શરૂ કરવાની ભાવના છે જેથી આપણી ધારણા મુજબ સમયમાં પ્રતિષ્ઠા થઈ શકે.**

**બહારની સંપત્તિથી અંદરની સંપત્તિને ખોરવી નાખવા કરતાં અંદરની સંપત્તિને સમૃદ્ધ બનાવી જીવનને ધન્યતાનો અનુભવ પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમ વિચારોને સાર્થક કરતાં શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહે (કસુંબિયા વાડો) શ્રી શાંતિનાથ ભગવાનનો આદેશ લીધો છે તેઓ હાલમાં કાંદિવલી રહે છે. પહેલા પાયધુની રહેતા હતા. તેઓને શ્રી શાંતિનાથ ભગવાન ઉપર અતૂટ શ્રદ્ધા છે.**

**માનવીના હૃદયમાંથી ધર્મની શ્રદ્ધા પ્રગટ થાય છે.**

**માનવીના વર્તમાનમાંથી સંસ્કાર પ્રગટ થાય છે. શ્રી હેમચંદ્રભાઈને** વર્ષો જુની ભાવના હતી, બાધા હતી, ભગવાનની પ્રતિમા ભરાવવાની અને પ્રતિષ્ઠા કરાવવાની તેમનો સમય આવી ગયો છે. **શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા** ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ લેવાની મનોકામના પૂર્ણ થશે, આપણે એમને પુણીયાશ્રાવક તરીકે ઓળખીએ તો વધારે આનંદ આવશે. એક ઉત્તમકક્ષાનો આત્મા છે. ૫૦ વર્ષથી વધુ નોકરી કરીને રૂપિયા રૂપિયા બચાવીને આ લાભ લીધો છે, સાથે એમની ઉદારતા જોવા મળી કે **દાદાનો ભંડાર ચાંદીનો ભરાવવાની પણ તૈયારી છે** તેના માટે આપણને તેઓશ્રી ૧૫ કિલોગ્રામ ચાંદીનો ભંડાર અર્પણ કરવાના છે કેવા સુંદર મનના મનોરથ છે કેવી સુંદર ભાવના છે. **શ્રી હેમચંદ્રભાઈનું દરિયાદિલ, પ્રભુ પ્રત્યેનો ભાવ અને દિલની ઉદારતાએ મારું મન મોહી લીધુ** તેમની ખુબ ખુબ અનુમોદના આપણે સહુ કરીએ.

Cont. page 2








દરેક પાટણના પરિવારોએ જરૂરથી આવા **સત્કાર્યોમાં સાથ આપીને, સહકાર આપીને પુણ્યાનુંબંધી પુણ્ય પ્રાપ્ત કરવું જોઈએ ઉત્તમ ભાગ્યશાળી આત્માઓને જ આવો ઉત્તમ લાભ મળે.** પરમાત્માનું જિનશાસન સમૃદ્ધ બનાવી પોતાના જીવનને સમૃદ્ધ બનાવી અમૃતતુલ્ય લાભ લેવો જોઈએ.

આપણી સંસ્થાના ટ્રસ્ટી ઉદારદીલ, દાનવીર દાતા **શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહના પ્રિય ભાઈ-ભાભી શ્રીમતી કામિનીબેન શરદભાઈ સેવંતીલાલ શાહે (ચીતારાની ખડકી) પાલીતાણા તિર્થ ખાતે ૩૫૦ આરાધકોને સુણતર ભવનમાં ઉપધાન તપની આરાધના સ્વ દ્રવ્યના ખર્ચે કરાવી હતી.** જેમાં છેલ્લા ત્રણ દિવસનો તા. ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ત્રિ-મહોત્સવ તપસ્વીની રથયાત્રા, માળા રોપણના કાર્યક્રમનું આયોજન થયું હતું. **આ પરિવારની ભૂરી ભૂરી અનુમોદના. જિન શાસનના કર્તવ્યને પૂર્ણ કરવા માટે અભિનંદન. ઉપધાન તપના બધા જ તપસ્વીઓ સુખ શાતામાં હશો. અનુમોદના....**

સાથોસાથ મને જણાવતા અત્યંત હર્ષ અનુભવાય છે કે **પોળની શેરીના શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** પરિવાર દ્વારા **હાલાર તિર્થ આરાધના ધામ ખાતે આવા જ સુકૃતનો લાભ સહોયગી દાતા બનીને લીધો છે તેમની પણ અનુમોદના....**

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા ચાલુ વર્ષે યોજાયેલ **PPL ની ટુર્નામેન્ટ** પુરી થવાના આરે આવી છે જેમાં નીચે મુજબની ચાર ટીમો વચ્ચે સેમીફાઈનલ મેચો રમાશે.

**(૧) KS Kings (૨) CC Mebericks (૩) Irasva Starz (૪) MTM Riders**

**આ સેમી ફાઈનલ તા. ૨૨-૨૩ ફેબ્રુઆરી એ રમાશે ને તા. ૨ જી માર્ચના** રોજ **MCA Ground BKC** માં ફાઈનલ રમાવાની છે આ સમગ્ર ટુર્નામેન્ટ દાતાઓના ઉદારદિલ આર્થિક યોગદાન તેમજ સમિતિના યુવા સભ્યોના સક્રિય સાથ સહકાર અને જહેમતના પરિણામે સારી રીતે પૂર્ણ થયેલ છે.

**તા. ૮ માર્ચ, શનિવારના રોજ વુમેન્સ એમ્પાવરમેન્ટનો પ્રોગ્રામ** બપોરે ૩ કલાકે સાંતાક્રુઝ આજીવાસન હોલ ખાતે રાખેલ છે, તો આ પ્રોગ્રામમાં ભાગ લેવાનું મહિલાઓનેઆમંત્રણ છે.

શ્રી પાટણ જૈન મંડળની **સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ દ્વારા હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના સંલગ્ન તા. ૧૫ તથા તા. ૧૬ માર્ચના** પાટણ ખાતે **જૈનોલોજી અને પ્રાકૃત વિષયો પર રાષ્ટ્રીય સંમેલનનું** આયોજન કરવામાં આવ્યું છે જેની વધુ વિગતો અંદરના પાને પ્રસિદ્ધ કરવામાં આવી છે.

૨૦૨૪માં અમેરિકા ખાતે **શ્રી પાટણ જૈન મંડળ NFP USA** ટ્રસ્ટ દ્વારા મારી ઉપસ્થિતિમાં ત્રણ રોડ શો ના આયોજન સંપન્ન થયા હતા. એ સમયે મંડળની ભારત ખાતેની દરેક ગતિવિધીઓની તેઓને માહિતી આપવામાં આવી હતી અને દાન માટે અપીલ કરવામાં આવી હતી. જેને સમર્થન આપતા દાતાઓ તરફથી ડોલરમાં ડોનેશન નોંધાવેલ જે પૈકી સંસ્થાનું **FCRA પ્રમાણપત્ર રીન્યુ થઈ જતાં જાન્યુઆરીમાં ૬૭,૫૦૦૦ ડોલર અને તાજેતરમાં ૧,૨૧,૦૦૦ ડોલરનું ફંડ યુએસએથી આવેલ છે - તે બદલ દરેક દાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરું છું.**

**પાટણ ખાતે ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલયમાં આગામી શૈક્ષણિક સત્રથી ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા મળી રહે** તે માટે સંસ્થાના હોદ્દેદારો તથા વિદ્યાલય સમિતિના માનદમંત્રીઓ દ્વારા પાટણ ખાતે અવારનવાર મુલાકાત લઈને વાલીઓ તથા સ્થાનિક સમિતિના સભ્યો સાથે ચર્ચા-વિચારણા કરી ભવિષ્યનું આયોજન કરવા બાબત પ્રયત્ન કરવામાં આવશે.





# જગત સુંદર છે, તેને જોવા દ્રષ્ટિ જોઈએ...




## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

**આ લેખની શરૂઆત એક ઝેન કથા દ્વારા કરીએ. સુજ્ઞ વાચક મિત્રોને જરૂરથી ગમશે તેવી આશા છે. આપ સૌને**

***''Happy Valentine Day''***

**''પ્રેમથી રહો, પ્રેમ કરતાં રહો''**

એક નાનકડી ઝેન કથા છે એક નદીમાં ભારે પૂર આવ્યું. ઘાસના બે નાના તણખલાઓ તેમાં વહી રહ્યા છે. એક તણખલુ આડુ પડીને નદીના પ્રવાહને રોકવા મથી રહ્યું છે અને સાથે સાથે ઘસડાઈ રહ્યું છે નદી સામે લડી રહ્યું છે. નદીને આનાથી કોઈ ફરક પડતો નથી પણ આ તણખલું મરણિયુ થયું છે, બીજું તણખલું સીધું રહીને નદીના પ્રવાહમાં વહી રહ્યું છે તેને કોઈ જાતનો અવરોધ નથી. તે આનંદથી ઝૂમી રહ્યું છે. નદીની લહેરો પર સવાર થઈને તે મસ્તી માણે છે.

નદીમાં પૂર ઓસરી ગયા. આડું પડેલું તણખલું વિરોધ કરી કરીને તૂટી ગયું અને બીજું તણખલું હેમખેમ રીતે ઝુમતું રહ્યું.

જિંદગીમાં બે પ્રકારના લોકો છે એક આગ્રહશીલ, આમ જ થવું જોઈએ, હું કહું એજ સાચું, એમાં કશી બાંધછોડ નહીં, આવા હઠાગ્રહી અને જિદ્દી લોકો તૂટી જાય છે, પણ વાતને છોડતા નથી તો બીજા પ્રકારના માણસો સરળ અને સીધા હોય છે તેમને કોઈ આગ્રહ હોતો નથી. જે કાંઈ હોય તે સ્વીકાર્ય છે. જેવા સંજોગો ઊભા થાય છે તે પ્રમાણે તેઓ પોતાની જાતને વાળી લે છે સરળતાથી અને પ્રેમથી મોટું મન રાખીને બધા સાથે રહે છે.

પેલા તણખલાની જેમ જે લોકો જિંદગીમાં પરિસ્થિતિ પ્રમાણે નમતાં નથી, અક્કડ બનીને ઊભા રહી જાય છે. તેઓ છેવટે પોતાના જ ભારથી તૂટી પડે છે **વાવાઝોડું આવે ત્યારે જે વૃક્ષો નમી જાય છે તેની પરથી વાવાઝોડું પસાર થઈ જાય છે અને જે અક્કડ બનીને ઊભા રહે છે તે ઉથલી પડે છે. લાઓત્સેએ કહ્યું છે, ''હવા જેવા બની જાવ અને નદીના પ્રવાહની જેમ વહેતા રહો.''**

મુશ્કેલી તો અહીં જ છે જિંદગીમાં આપણને વહેતા નથી આવડતું. પણ બીજાના રસ્તામાં આડખીલી બની ઊભા રહી જઈએ છીએ આપણે આગળ ચાલતા નથી ને બીજાને ચાલવા દેતા નથી તેથી જિંદગીના પ્રવાહ સાથે આપણે તાલ મિલાવી શકતા નથી તો કેટલાંક માણસો કોઈપણ વસ્તુમાં જાણે કે ન જાણે પણ પોતાને જ્ઞાની સમજે છે આ જ તેનો અહંકાર છે, અહંકાર એ જ અજ્ઞાનતા છે તેઓ પોતાની વાત બીજા પર થોપવાનો પ્રયાસ કરતાં રહે છે વાતનું વતેસર કરીને સમગ્ર બાબતને ગૂંચવી નાખતા હોય છે.

કોઈપણ બાબતમાં જેટલું જ્ઞાન અને અધિકાર હોય તેટલું જ બોલવું જોઈએ જે આપણું ક્ષેત્ર ન હોય, જે બાબતમા આપણને પૂરી જાણકારી ન હોય અને જ્યાં આપણો અધિકાર ન હોય તેમાં ડહાપણ બતાવવા જઈએ તો મૂર્ખામાં ખપીએ કેટલાંક માણસોને વણમાગી સલાહ આપવાની ટેવ હોય છે. સલાહ આપવી ગમે છે કોઈને લેવી ગમતી નથી. જીદ અને અહંકારને કારણે માણસને સાચી વાત સમજાતી નથી. ''હું કહું છું'' એ જ સાચુ એવો હઠાગ્રહ વહાલાને વેરી બનાવે છે, પણ માણસ જો સ્વભાવમાં થોડી ઉદારતા રાખે, મન મોટું રાખે તો મનમાં ક્યારેય પણ રાગ-દ્વેષ કે વેર-ઝેરની ભાવના ન જાગે. બીજાની વાત ધ્યાનપૂર્વક સાંભળવી અને સમજવી જોઈએ. કેટલાંક લોકોને બધે વાંકુ જ દેખાય છે એને આપણે સૌંદર્યથી ભરપુર એવા ગુલાબના છોડ પાસે લઈ જઈએ તો એ વ્યક્તિને તરત જ પહેલાં કાંટા દેખાશે, પણ ગુલાબની નજાકત નહીં દેખાય.

જગતમાં બધુ જ સારું છે અને સુખમય છે. જગત સુંદર છે, બધાનો આધાર તમે કેવા છો, તમારો સ્વભાવ કેવો છે તમારી દ્રષ્ટિ કેવી છે ? તેની પર બધો આધાર રાખે છે સારા માણસો ગુણગ્રહી હોય છે, તેમને ક્યારેય બીજાના અવગુણો દેખાતા જ નથી કેમકે તેઓ પોતે સારા છે, **યુધિષ્ઠિરને** કોઈ ખરાબ દેખાતું નથી અને **દુર્યોધનને** કોઈ સારું દેખાતું નથી આપણે જેવા હોઈએ એવા જ બીજાને જોઈ શકીએ છીએ.

**માણસની આંખો પર અહંકારની પટ્ટી લાગેલી છે.** સાચી વસ્તુ તેમાં ઢંકાઈ જાય છે. એટલે તે જે સારું છે તે જોઈ શકતો નથી. જો **અહંકારનો ભાવ ન રહે તો માણસ સરળ બનતો જાય. માન, યશ, પ્રતિષ્ઠા મેળવવાનો ભાવ ન રાખે, કોઈપણ જાતની આશા અને અપેક્ષાથી મુક્ત બની જાય તો જીવન અને જગત બધું જ સુંદર લાગે બીજો એક સીધો રસ્તો છે ઉદાર અભિગમ બધાને પોતાના કરી લેવાની આવડત, પ્રેમપૂર્ણ વ્યવહાર, દયા અને કરૂણાનો ભાવ જો આવી જાય તો જગત સુંદર લાગે છે. માત્ર દ્રષ્ટિ બદલવાની જરૂર છે.**

**''વિચારોમાં ઉદારતા, કાર્યોમાં માનવતા અને**
**કાર્યોમાં સફળતા, મનની સ્વસ્થતા''**

આ ચાર નિશાનીઓ જો આપણી પાસે હોય તો આપણું જીવન સુગંધિત બન્યા વગર રહે.... !

**અસ્તુ..**



# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ


**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત**

ઠે. શ્રી દિવાળીબાઈ ભવન, ગોળશેરી, પાટણ-૩૮૪૩૬૫ (ઉ.ગુજરાત)

**મુંબઈ કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦

ફોન : ૨૨૮૧૧૩૪૬, ટેલિફેક્સ : ૨૨૮૧૧૨૧૮, Email id : patanmandal@gmail.com


## સિદ્ધહેમ જ્ઞાનપીઠ અને શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીનાં સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

પ્રાચીન કાળથી ગરવી ગુજરાતના શિક્ષણનું કેન્દ્ર ઐતિહાસિક નગરી પાટણ રહ્યું છે. ગુજરાતની ઈતિહાસગાથા વિદ્વવર્ય જૈન મુનિઓ અને કવિઓ દ્વારા આલેખાયેલી છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યએ સિદ્ધહેમ શબ્દાનુશાસન નામના શબ્દ કોષ અને વ્યાકરણની રચના કરીને સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ગુજરાતને સાહિત્ય ક્ષેત્રે અદકેરું ગૌરવ પ્રાપ્ત કરાવ્યું. અનેકાનેક જૈનાચાર્યો અને જ્ઞાન પીપાશુઓએ પાટણની ધન્ય ધરા પર ક્ષેત્ર સ્પર્શના કરી, નિશ્રા પ્રદાન કરી અને શ્રેષ્ઠીઓને ત્યાં રહીને જ્ઞાનાભ્યાસ કરવા સહિત વિપુલ પ્રમાણમાં નૂતન સાહિત્યનું નિર્માણ કરેલ છે. આ સાહિત્યને પાટણના શ્રેષ્ઠીઓએ સત્કાર્યું, પોખ્યું અને વિવિધ જ્ઞાન મંદિરોમાં તે ગ્રંથોની સુંદર રીતે જાળવણી કરી અને સંગ્રહ કરાવ્યો. આજે પણ પાટણના વિવિધ જ્ઞાન ભંડારોમાં માત્ર જૈનોનાજ નહીં પરંતુ ભારતના અતિ દુર્લભ એવા પ્રાચીન ગ્રંથો શિસ્તબદ્ધ રીતે સચવાયેલા છે. આજે પણ પાટણની ધન્ય ધરા પર પારંપારિક શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ પાઠશાળા તેમજ અન્ય પાઠશાળામાં અનેક સાધુ-સાધ્વીજીઓ અને અનેક જ્ઞાનપીપાશુ અભ્યાસ કરી રહ્યા છે.

આધુનિક શિક્ષા પદ્ધતિને અનુસરતા વિશ્વવિદ્યાલયની સ્થાપનામાં પણ પાટણના જૈન શ્રેષ્ઠીઓનું અમૂલ્ય યોગદાન સહિત ફાળો રહેલ છે. આજે પાટણનું વિશ્વવિદ્યાલય શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નામે જગ પ્રસિદ્ધ છે. નવી શિક્ષા નીતિમાં ભારત સરકાર દ્વારા આધુનિક જ્ઞાનની સાથે પારંપારિક શિક્ષા પદ્ધતિનો સમન્વય કર્યો છે. તેના ભાગરૂપે સરકારશ્રીએ જૈનોની અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ભાષા પ્રાકૃતને ક્લાસિકલ ભાષા જાહેર કરી છે.

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ તેમજ શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટીનાં જૈનોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૫-૦૩-૨૦૨૫ અને ૧૬-૦૩-૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. શાસન પ્રભાવક વિદ્વાન આચાર્ય શ્રી પરમ પૂજ્ય જગચ્ચંદ્રસૂરી મ.સા. (ડહેલાવાળા સમુદાય) તેમના વિશાળ શિષ્યવૃંદ સહિત આ સેમિનારમાં નિશ્રા પ્રદાન કરશે. અર્વાચીન પ્રાકૃત વિશારદ અને જૈન ધર્મના સાહિત્ય નિપુણ અનેક સાધુ મહાત્માઓ આ સેમિનારમાં પોતાના મંતવ્યો/વિચારો રજૂ કરશે. આમાં વિશેષ કરીને અહિંસા, પરિગ્રહ, અનેકાંતવાદ, ઈત્યાદિ જૈન ધર્મના સિદ્ધાંતોનો વિશ્વમાં પ્રચાર થાય એ માટે વિશેષ સત્ર રહેશે. જૈન ધર્મના સિદ્ધાંતો વિશ્વમાં ફેલાય, જૈન સાધુ-સાધ્વીજીઓને પરંપરાગત અને આધુનિક જ્ઞાનની પ્રાપ્તિ થાય એવા શુભ ઉદ્દેશથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાનપ્રવાહમાં / સેમિનારમાં સર્વ ઈચ્છુક જ્ઞાનપ્રેમીઓને પધારવા / જોડાવવા શ્રી પાટણ જૈન મંડળ તેમજ શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

**વધુ વિગત માટે સંપર્ક :-**

**શ્રી યતિનભાઈ ઝવેરી -9223231470**
**શ્રી કમલેશભાઈ ઝવેરી - 9820070981**

**શ્રી સાગરભાઈ શાહ - 9819256993**
**ડૉ. કુનાલભાઈ કપાસી - 8488905427**

**Ragistration Link :-**
**https://forms.gle/SYPkiYh1AJob2CpAA**



# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

ઠે. શ્રી દિવાળીબાઈ ભવન, ગોળશેરી, પાટણ-૩૮૪૩૬૫ (ઉ.ગુજરાત)
**મુંબઈ કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦
ફોન : ૨૨૮૧૧૩૪૬, ટેલિફેક્સ : ૨૨૮૧૧૨૧૮, Email id : patanmandal@gmail.com

## SEMINAR TIME TABLE

| | TIME | DAY ONE | |
|---|---|---|---|
| 1. | 8.00 to 9.40 | | Registration |
| 2. | 9.40 to 9.50 | સ્વાગત | |
| 3. | 9.50 to 10.20 | આર્શિવચન | પૂ. આચાર્ય શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ.સા. |
| 4. | 10.20 to 11.00 | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દસાઇ | અહિંસાની યાત્રા-મહાવીરસ્વામી, હેમચંદ્રાચાર્ય અને વર્તમાન સમયની |
| 5. | 11.00 to 11.10 | ચા | |
| 6. | 11.10 to 11.50 | ડૉ. સલોની જોશી | પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યમાં ધબકતું ભારતીય જીવન. |
| 7. | 11.50 to 12.30 | ડૉ. ધર્મેન્દ્ર જૈન | પ્રાકૃત સાહિત્ય એવં શિક્ષાનીતિ - ૨૦૨૦ |
| 8. | 12.30 to 12.50 | | જૈન સંદર્ભ સંશોધન - પ્રેઝન્ટેશન |
| 9. | 1.00 to 2.00 | ભોજન | |
| 10. | 2.00 to 2.40 | ડૉ. સેજલ શાહ | જૈન ગદ્ય સાહિત્ય |
| 11. | 2.40 to 3.20 | ડૉ. માના શાહ | વડનગરીની જૈન પરંપરાઓ (ઈતિહાસ) |
| 12. | 3.20 to 3.35 | ચા | |
| 13. | 3.35 to 4.15 | ડૉ. અભય દોશી | મુનિ પુણ્યવિજયજી અને મુનિ જંબુવિજયજીનું સાહિત્યક્ષેત્રે પ્રદાન |
| 14. | 4.15 to 5.15 | ચર્ચા સત્ર | પ્રાકૃત ભાષા શિક્ષણની ક્ષિતિજ |
| | TIME | DAY TWO | |
| 1. | 8.00 to 9.00 | ચા-નાસ્તો | |
| 2. | 9.00 to 10.15 | ચર્ચાસત્ર | પ્રાકૃત સાહિત્યનું સંશોધન અને મહત્વ |
| 3. | 10.15 to 10.55 | ડૉ. નરેશ વેદ | વૈદિક અને જૈન પરંપરા - સામ્યતા અને ભિન્નતા |
| 4. | 10.55 to 11.10 | ચા | |
| 5. | 11.10 to 11.50 | ડૉ. ધર્મચંદ્ર જૈન | સમયસાર એવં આચારાંગ મે અધ્યાત્મ |
| 6. | 11.50 to 12.30 | ડૉ. રમજાન હસાણીયા | જૈન ભક્તિ સાહિત્ય |
| 7. | 12.30 to 1.00 | ડૉ. લિના ધનાની | વીતરાગ સ્તોત્ર |
| 8. | 1.00 to 1.50 | ભોજન | |
| 9. | 1.50 to 2.30 | ડૉ. કમલકુમાર જૈન | પ્રાકૃત કોશ સાહિત્ય પરંપરા એવં વિકાસ |
| 10. | 2.30 to 3.10 | ડૉ. રવિન્દ્ર ખાંડવાલા | આરામશોભા કથા - તુલનાત્મક સંશોધનની સંભાવના |
| 11. | 3.10 to 3.20 | ચા | |
| 12. | 3.20 to 3.45 | શ્રી મનીષ મોદી | જૈન ટીકા સાહિત્યની વૈવિધ્યપૂર્ણ એવં સમૃદ્ધ પરંપરા |
| 13. | 3.45 to 4.45 | | સમાપન સત્ર |

## શ્રી પાટણ જૈન મંડળ યોજિત
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

### લોનાવલા પ્રોજેકટના મુખ્ય દાતાશ્રી
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના સંપૂર્ણ લાભાર્થી
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) -
  હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરૂવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ - હ. શ્રી મિતેશભાઈ શાહ (શાંતિનાથની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.

૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.

તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.

આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,

જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા

પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# સૌરભ મેડિકલ હેલ્થ કેર NABH

સૌરભ મેડિકલ હેલ્થ કેર **(SMHC)** એ **CMC** (વેલુર), તામિલનાડુ સાથે પહેલેથી રજીસ્ટર છે જે હેલ્થકેર સંસ્થા જે બાહ્ય ગુણવત્તા મૂલ્યાંકન સ્કીમ (EQAS) જે ૧૯૭૮ થી સંસ્થાપિત છે. તે વિશે તેમના ધોરણો સાથે પેથોલોજી લોહી તપાસણી કરવા ખૂબ જ ઉપયોગી છે.

અમે CMC (વેલુર), તરફથી દરેક ત્રિમાસિક લોહી નમૂનાઓની દરેક પ્રક્રિયામાં ઉત્તમ ટિપ્પણીઓ મેળવી રહ્યા છીએ. સૌરભ મેડિકલ હેલ્થકેરના પેથોલોજી બ્લડ તપાસણીના રીપોર્ટ બહારની જાણીતી Metropolis, Agilus અને અન્ય જાણીતી લેબોરેટરી જેટલા જ સક્ષમ અને ગુણવત્તા વાળા છે.

**સૌરભ મેડિકલ હેલ્થકેર NABH (નેશનલ એક્રેડિયેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ)ના સર્ટિફિકેશન** માટે એપ્લિકેશન આપી હતી. જે ક્વોલિટી કાઉન્સિલ ફોર હોલ્થકેર પ્રોવાઈડર્સનું સલાહકાર બોર્ડ છે એ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું એક ઘટક બોર્ડ છે. જે માટે માન્યતા કાર્યક્રમની સ્થાપના અને સંચાલન કરવા માટે રચવામાં આવ્યું છે. આરોગ્યસંભાળ સંસ્થા બોર્ડની રચના દર્દીઓની ઈચ્છિત જરૂરિયાતોને પૂરી કરવા અને આરોગ્ય ઉદ્યોગની પ્રગતિ માટે માપદંડો નક્કી કરવા માટે કરવામાં આવી છે.

૨૧મી ઓક્ટોબર ૨૦૨૪, મંગળવારે ના **NABH** ના ૨ અધિકારીઓએ (મૂલ્યાંકનકર્તા) એ સૌરભ મેડિકલ હેલ્થકેરની આકરણી કરવા મુલાકાત લીધી હતી. અને આનંદદાયક, ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આપણને **`A' Grade'** પ્રાપ્ત થયો છે.

સૌરભ મેડિકલ હેલ્થ કેરની સુસજ્જ સુવિધા, ઉત્તમ સેવાઓ માટે આધારસજ્જ માળખુ, દર્દીઓનો ઉચ્ચ સંતોષ, હકારાત્મક કાર્યકારી વાતાવરણ અને વફાદાર કર્મચારીઓનો સમાવેશ થાય છે.

નિષ્કર્ષ: એકંદરે સૌરભ મેડિકલ હેલ્થ કેરે ઉચ્ચ ધોરણો અને નિયમકારી આવશ્યકતાઓનું પાલન કરવા માટે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવી છે. ગુણવત્તા સુધારણા અને દર્દીની સલામતી માટે ટોચના મેનેજમેન્ટનો સક્રિય અભિગમ પ્રસંશનીય છે.

**NABH** ના પ્રમાણપત્ર પ્રાપ્ત થતાંની સાથે જ અમે કોર્પોરેટ કંપનીઓ, વીમા કંપનીઓ, સરકારી સંસ્થાઓ વગેરે સાથે વિવિધ જોડાણો રાખવાની યોજનાઓ બનાવી રહ્યા છીએ.

શ્રી પાટણ જૈન મંડળ અને ટ્રસ્ટીઓ, દાનવીર દાતાઓ, સેવાભાવી કાર્યકરો, સંપૂર્ણ સ્ટાફ તથા પાટણના પરિવારજનોના આભારી છીએ આપ સહુના અતૂટ વિશ્વાસને કારણે **`A' Grade'** મેળવી શકયા છીએ તે માટે ખૂબ ખૂબ અભિનંદન.


જાન્યુઆરી-૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| Ranaissance Foundation<br>હ. શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ | ૫,૦૦,૦૦૦ |
| શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | ૩,૦૦,૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૦૮,૦૦૦ |
| શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ, શ્રી કુંભારીયા પાડાના ડિસેમ્બર-૨૦૨૪ના સ્નેહ સમ્મેલન નિમીત્તે સાદર સમર્પણ | ૧,૦૧,૦૦૦ |
| શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ શ્રી કુંભારીયા પાડાના ડિસેમ્બર-૨૦૨૪ના સ્નેહ સમ્મેલન નિમીત્તે સાદર સમર્પણ | ૧,૦૧,૦૦૦ |
| શ્રી મહાદેવા પાર્શ્વનાથ શેરીના સભ્યો તરફથી મહોત્સવ નિમીત્તે (ખેતરવસી-મહાદેવાજીની શેરી) | ૧,૦૧,૦૦૦ |
| શ્રી રમેશભાઈ વૃજલાલ શાહ (મુંબઈ) | ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી સુરેખાબેન રમેશભાઈ શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મનમોહન પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ - પાટણ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી કનાસાનો પાડો જૈન સંઘ - પાટણ હ. શ્રી દિપકભાઈ | ૯૦,૬૪૫ |
| શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (મુંબઈ) | ૫૪,૦૦૦ |
| શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ (મુંબઈ) | ૫૪,૦૦૦ |
| શ્રી પિયુષભાઈ દિલીપભાઈ શાહ<br>શ્રીમતી મયુરીબેનના ગૃહજીનાલયના (શિકાગો-અમેરિકા) | ૫૦,૦૦૦ |
| એક સદગૃહસ્થ તરફથી | ૫૦,૦૦૦ |

| | |
|---|---|
| શ્રી મુંબઈ જીવદયા મંડળી-એલિસબ્રિજ (અમદાવાદ) | ૩૭,૫૦૦ |
| મે. સી.જે. શાહ એન્ડ કું. (મુંબઈ) | ૩૭,૦૦૦ |
| શ્રી તુષારભાઈ જિતેન્દ્રકુમાર શાહ (મુંબઈ) | ૩૦,૪૦૦ |
| શ્રીમતી જીજ્ઞાબેન ધનરાજજી ચોક્સી (વડોદરા) | ૨૧,૦૦૦ |
| શ્રી શાંતિ ફાઉન્ડેશન | ૨૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી કાદંબરીબેન લલિતભાઈ શાહ (પાટણ) | ૨૧,૦૦૦ |
| શ્રી નાથૂપુરા જૈન સંઘ-હ. શ્રી મલ્લીનાથ શ્વે.મૂ. જૈન સંઘ (નાથૂપુરા) | ૨૧,૦૦૦ |
| એક સદગૃહસ્થ તરફથી | ૧૫,૯૭૫ |
| એક સદગૃહસ્થ તરફથી | ૧૫,૯૭૫ |
| શ્રી મોદી હર્ષદરાય મુળજીભાઈ | ૧૧,૦૦૦ |
| એક સદગૃહસ્થ તરફથી | ૧૧,૦૦૦ |
| શેઠ વાડીલાલ સારાભાઈ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રૂપલબેન ગીરિશભાઈ શાહ (વિલેપાર્લા-મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ જાંબલી ગલી (બોરીવલી-મુંબઈ) | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી પાયલબેન વિનયભાઈ શાહના આત્મશ્રેયાર્થે-<br>હ. વિનયભાઈ આર. શાહ | ૧૧,૦૦૦ |
| એક સદગૃહસ્થ તરફથી | ૧૦,૦૦૦ |
| શ્રી મહાવીર સ્વામી જૈન શ્વે. મૂ. દેરાસર ટ્રસ્ટ | ૧૦,૦૦૦ |
| શ્રીમતી પુષ્પાબેન હરેશભાઈ પાનાચંદ શાહ | ૧૦,૦૦૦ |

ADVT

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

# SAURABH MEDICAL HEALTH CARE

Managed by : Shree Patan Jain Mandal

MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE

NABH ACCREDITED

SMHC

## DOCTORS OPD SCHEDULE

| Department Name | Doctors Name & Degree | MMC Registration No | OPD Days | OPD Timings |
|---|---|---|---|---|
| General Dentistry | Dr. Aishwarya Shetty (BDS) | A-36604 | Mon to Sat | 9.00 AM to 12.00 PM |
| Oral Surgery & Implantology | Dr. Siddhi Rane (MDS) | A-41541 | Tue & Sat | 5.00 PM to 7.00 PM |
| Orthodontics | Dr. Smit Jhaveri (MDS) | A-34668 | Friday (By Appointment) | 5.00 PM to 7.00 PM |
| Pedodontics | Dr. Nikita Dandekar (MDS) | A-28039 | Mon & Tue | 11.30 AM to 1.30 PM |
| Periodontics | Dr. Danesh Nair (MDS) | A-19360 | Saturday (By Appointment) | 2.00 PM to 4.00 PM |
| | Dr. Pooja Agrawal (MDS) | A-35780 | Wednesday (By Appointment) | 12.30 PM to 2.30 PM |
| Proshthodontics & Implantology | Dr. Kinjal Jhaveri (MDS) | A-22977 | Tue & Thu | 2.30 PM to 4.30 PM |
| | Dr. Heena Gada (MDS) | A-27549 | Wednesday (By Appointment) | 5.00 PM to 6.00 PM |
| Ophthalmology | Dr. Manit Agrawal (Ms. Ophthal, Retina Specialist) | 2014/06/2933 | Saturday (By Appointment) | 9.00 AM to 10.00 AM |
| Dermatology | Dr. Vilaksh Jain (MBBS; DNB) | 2019053640 | Wednesday (By Appointment) | 4.00 PM to 5.00 PM |
| | Dr. Komal Panchal (MBBS; DDV) | 2012051300 | Saturday (By Appointment) | 11.00 AM to 12.00 PM |
| | Dr. Radha Mundhra (MBBS; MD; DNB) | 72659 | Monday (By Appointment) | 4.00 PM to 5.00 PM |
| Gynaecology | Dr. Sayli Wankhedkar (MBBS; MS, FRM; IBCLC (Obstetrician & Gynaecologist) | 2014052175 | Tue & Sat (By Appointment) | 11.00 AM to 12.00 PM |
| | Dr. Jayashree Khopkar (MBBS; DGO, DNB Genaecologist) | 2006103250 | Tue-Thu-Sat (By Appointment) | 2.00 PM to 3.00 PM |
| Nephrology | Dr. Gaurav Bhandari (MD Medicine, DNB Nephrology) | 2016061415 | Thursday | 9.00 AM to 10.30 AM |
| | Dr. Chintan Gandhi (DM Nephrology, DNB General Medicine, MBBS) | 2013/04/1139 | Wed & Sat (By Appointment) | 10.00 AM to 11.00 AM |

ડૉક્ટરોની વધુ વિગત આવતા અંકમાં આવશે...



SAURABH MEDICAL HEALTH CARE
SMHC
Managed by : Shree Patan Jain Mandal
101-201, Prem Tower-A, 8, Jawahar Nagar,
Opp. Cinemax Theatre, S.V. Road,
Goregaon (West), Mumbai-400104.
Shree Patan Jain Mandal
MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE
APPOINTMENT TIMING 9 AM TO 6 PM • Tel. : 022-31774129
Mob. : 8369844115 / 8850521582 • Email : smhc@patanmandal. org
PATIENT SAFETY & QUALITY OF CARE ACCREDITED BY NABH
CARDIAC COMPLETE CHECK UP
With 42 Parameters
Rs. ~~9000/-~~
Rs. 4500/-
*Terms & Cond. Apply
• CBC (15)
• ECG (1)
• 2D ECHO (1)
• CHEST X-RAY (1)
• FASTING SUGAR (1)
• HbA1c (2)
• CREATININE (1)
• ELECTROLYTES (3)
• LIPID PROFILE (8)
• Apolipoprotein A1 (Apo A) (1)
• Apolipoprotein B (Apo B) (1)
• Apolipoprotein B/A1 Ratio (1)
• High Sensitivity C-Reactive Protein (Hs-CRP) (1)
• Homocysteine (1)
• Lipoprotein (A) (1)
• Troponin-I (1)
• CPK (1)
• LDH (1)
• CONSULTATION WITH CARDIOLOGIST
42 PARAMETERS
Fasting Required
(10 To 12 Hours)
Please bring your previous investigations reports, if any.




# Shree Patan Jain Mandal
## SAURABH MEDICAL HEALTH CARE (Goregaon)

**We Welcome Donors for the following Department**

- Physiotherapy ... 1.25 Cr
- Dental ... 1.00 Cr
- ENT ... 1.00 Cr
- Pediatric ... 1.00 Cr
- Homeopathy ... 0.50 Cr
- Ayurvedic ... 0.50 Cr

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GERIATRIC DEPARTMENT**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | |
|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Kantilal Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

# દિવ્યાંગ બાળકોનો દ્વારકા ખાતે યાત્રા પ્રવાસ અહેવાલ







શ્રી પાટણ જૈન મંડળ **દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ** દ્વારા તા. ૨૬-૦૧-૨૦૨૫ થી તા. ૩૦-૦૧-૨૦૨૫ દરમિયાન સમાજનાં દિવ્યાંગ બાળકોના ઉત્કર્ષ માટે દ્વારકા યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમિતિના માનદમંત્રી, સભ્યો, પાટણ ખાતેના દિશા કાર્યશાળા સહિત કુલ ૧૬ બાળકો, તેમના પરિવારજનો, કાર્યશાળાનું સંચાલન કરતી બહેનો તથા આમંત્રિત મહેમાનો સહિત કુલ ૩૮ સભ્યો જોડાયા હતા.

તા. ૨૬ ના સૌરાષ્ટ્ર મેલ દ્વારા પ્રવાસ કરતા બીજે દિવસે બપોરે દ્વારકા પહોંચ્યા. સાંજે ચોવિહાર કર્યા બાદ બેટ દ્વારકા તથા પાછા ફરતા ગામમાં જ બિરાજમાન દ્વારકાધીશના દર્શન કર્યા.

તા. ૨૮ ના સવારે મૂળ નાયક **શ્રી નેમિનાથ દાદાના** દરબારમાં શ્રી વિશાલભાઈ દ્વારા ભક્તિ સભર શકસ્ત્રવ પૂજનમાં વિવિધ ઔષધીઓ દ્વારા અભિષેક કરાવવામાં આવ્યો. કચ્છ હાલાર તિર્થ આરાધના ધામ ખાતે મૂળ નાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનને જુહારયા બાદ આચાર્ય શ્રી હેમપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબને વંદન કરી તેમના મુખેથી માંગલિક શ્રવણ કરવામાં આવ્યું. જામનગર ખાતેના ચાર પ્રાચીન જિનાલયોના દર્શન કર્યા જેમાં એક જિનાલય ખાતે ૧૦૮ પાર્શ્વનાથ પૈકીના ભાભા પાર્શ્વનાથના દર્શન કરી ધન્યતા અનુભવી. જામનગર સ્થિત દર્શનીય સ્મશાનની મુલાકાત લીધી. શાલિભદ્ર જિનાલયના દર્શન કર્યા.

તા. ૨૯ ના સવારે શિવરાજ બિચ ખાતે બ્લુ પાણીની બોટ રાઈડીંગની મજા માણવા સાથે બાળકોને જીપ દ્વારા બીચની રાઈડ કરાવવામાં આવી. ત્યારે તેમના ચહેરા પર ખુશી છવાઈ ગઈ. બપોરે પોરબંદર પાસે આવેલ લગભગ ૫૦૦ વર્ષથી વધુ પ્રાચીન અને ચમત્કારિક બળેવા પાર્શ્વનાથ જિનાલયના દર્શન કર્યા.

રાત્રે ધર્મશાળાના પરિસરમાં બાળકો તથા પ્રવાસમાં જોડાયેલા દરેક યાત્રિકોને નીચે મુજબ સંઘ પૂજન તથા અન્ય ભેટ સોગાદ આપવામાં આવી. મુખ્યત્વે અત્રેના સંચાલક **શ્રી ભાવિકભાઈ** દ્વારા સમગ્ર પ્રવાસ દરમિયાન આપવામાં આવેલ માર્ગદર્શન તથા ઉમદા સહયોગ બદલ માનદમંત્રી **શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ** દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. તેમજ **શ્રી યશમુખભાઈ** દ્વારા શ્રી પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓથી સહુને માહિતગાર કરવામાં આવ્યા.

**શ્રી પાટણ જૈન મંડળ તરફથી** બાળકોને રૂા. ૫૦૦/- સંઘપૂજન - **એક સદગૃહસ્થ તરફથી** દરેક યાત્રિકોને રૂા. ૫૦૦/- સંઘપૂજન

**શ્રી બિપીનભાઈ** તરફથી દરેક યાત્રિકોને તિરંગા કલરની બોલપેન, હાથના બેલ્ટ, મેટલના બિલ્લા ઈત્યાદી **ચિ. યુવી(યશમુખભાઈનો દોહિત્ર)** બાળકોને મોજા વિગેરે ભેટ આપવામાં આવી.

આ પ્રવાસ દરમિયાન ઉતારાની વ્યવસ્થા માટે **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** અને **શ્રીમતી સુધાબેન શાહ** (પોળની શેરી)નો સંપર્ક કરવામાં આવતા તેઓએ રહેવા, જમવા તથા દર્શનીય સ્થળોની મુલાકાત લેવા વાહન વ્યવસ્થા કરવા સામેથી તત્પરતા દર્શાવી આપેલ આર્થિક યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત **શ્રી મગનલાલ પી. દોશી ચેરીટેબલ ટ્રસ્ટ** તરફથી આવવા જવાની રેલ્વે ટિકિટના ખર્ચ માટે ૩૦,૦૦૦/-નું આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ છે તે બદલ હૃદય પૂર્વક આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

તા. ૩૦મીએ બેસતો મહિનો હોવાથી લાકડાની નકશીકામવાળા રથમાં ખોળામાં ભગવાન બેસાડીને ઈન્દ્ર ધજા સાથે સુગમ સંગીત અને શરણાઈના શૂરો સાથે જિનાલયના ફરતી પ્રદક્ષિણા સહિત રથયાત્રાની અનુભૂતિ કરી. ત્યારબાદ પુનઃ સૌરાષ્ટ્ર મેલ દ્વારા પ્રવાસ કરતા સ્વગૃહે પહોંચ્યા.

પ્રવાસ દરમિયાન ત્રણ વખત થયેલા અનુભવોનું નિરૂપણ કરતા આનંદ અનુભવાય છે.

૧. પોરબંદર અને જામનગર જવા આવવા બસની વ્યવસ્થા માટે બસ સંચાલકે નિઃશુલ્ક સેવા આપી હતી. અને તેઓએ આ બાળકોને યાત્રા પ્રાવસનું આયોજન કરવામાં સહકાર આપી પુણ્યનું ભાથુ બાંધ્યું હતું.

૨. શિવરાજ બીચની મુલાકાત દરમિયાન બોટ રાઈડના દરેક સભ્યો રૂપિયા ૨૦૦/- ચાર્જ લેવામાં આવે છે પણ તેના મુખ્ય સંચાલકે નિઃશુલ્ક સેવા આપી હતી અને જણાવ્યું હતું કે ભગવાનના આપેલા આવા રત્નો અને તેની સંભાળ લેતા આપ સહુ મારા વંદનીય છો.

૩. જામનગર આવતા પહેલા એક યુવતીએ અમને ૪૦ ડબ્બી દહી બાળકો માટે લાવી આપ્યું હતું. અને આ નાનકડું શુભ કાર્ય કરવાની તક મળતા તે રાજી રાજી થઈ ગઈ હતી.

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ

શ્રી પાટણ જૈન મંડળે શિક્ષણ સમિતિ દ્વારા સમાજના ઉચ્ચ કક્ષાના ધોરણમાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓ તથા પ્રતિબિંબમાં પોતાની કૃતિ આપનાર લેખકોના બહુમાનનો અને શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ રવિવાર તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના સવારે ૧૦.૦૦ કલાકે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. તેમા સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ એમ. શાહ, શ્રી દિનેશભાઈ એસ. શાહ,** માનદમંત્રી **શ્રી દેવેશભાઈ આર. શાહ,** સહ માનદમંત્રી **શ્રી ભાવિકભાઈ બી. શાહ** તથા ટ્રસ્ટી **શ્રી દિપકભાઈ આર. શાહના** નેતૃત્વમાં આ કાર્યક્રમનો શુભારંભ થયો હતો. શિક્ષણ સમિતિના સેક્રેટરી **શ્રી હિતેનભાઈ પી. ઝવેરી, શ્રી સંદિપભાઈ શાહ, શ્રીમતી જીમ્મીબેન શાહ** તથા **શ્રી દર્શનભાઈ આર. શાહ** સાથે ઉચ્ચ કારકીર્દિ ધરાવનાર વિદ્યાર્થીઓ તેમના માતા પિતા સાથે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં **શ્રીમતી જીમ્મીબેને** સૌનું ભાવભર્યું સ્વાગત તથા અંતમાં આભાર પ્રદર્શિત કર્યું હતું. ટ્રસ્ટી **શ્રી દિપકભાઈ શાહે** બધા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી અને ભવિષ્યમાં તેઓ હજુને હજુ આગળ વધીને પોતાનું અને પરિવારનું જીવન ઉત્તમ બનાવે તે વિશે સંદેશ આપ્યો હતો. ઉપપ્રમુખ **શ્રી દિનેશભાઈ શાહે** મુખ્ય અતિથિ પ્રોફેસર **શ્રી ઉમેશભાઈ વિનાયકને** પુષ્પગુચ્છ આપીને તેમનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ **શ્રી ઉમેશભાઈ વિનાયકે** પોતના ઉદબોધનમાં વિદ્યાર્થીઓને તેમની કરકીર્દિમાં કેવી રીતે હજુ આગળ વધવું તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે પાટણ પ્રતિબિંબમાં પ્રસિદ્ધ થતાં ઉત્તમ લેખોની શ્રેણીમાં પસંદગી પામતા ચાર લેખકોનું અભિવાદન કરવામાં આવ્યં હતું.
















**PATAN PRATIBIMB**
**Shri Nemchand Jeshinglal Shah Gundarwala Sahitya Paritoshik**

શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા – ચોધરીની શેરી (પેડર રોડ)
''સત્કાર્યોની સુવાસ'' જુલાઈ – ૨૦૨૪
શ્રીમતી દક્ષાબેન વિરેન્દ્રભાઈ શાહ – વસાવાડો (વિલેપાર્લે)
''ગાગર'' ડિસેમ્બર – ૨૦૨૩
શ્રીમતી શીલાબેન દિવ્યેશભાઈ શાહ – લીમડીનો પાડો (બોરીવલી)
''સુખનું સવાર ઉગશે'' – સપ્ટેમ્બર – ૨૦૨૪
ચિ. નિર્મય વિશાલભાઈ દિપકભાઈ શાહ – કનાસાનો પાડો (નેપિયન્સી રોડ)
''Cricket'' જાન્યુઆરી –૨૦૨૪

# EDUCATIONAL PRIZE

## SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST
## POST GRADUATE MERIT SCHOLARSHIP (Rs. 10,000/- Each Student)

**Dr. Sejal Gunvantlal Manilal Shah** Marine Drive Bhabha No Pado
*Doctor of Philosophy (Muni Jinvijayji Sampadit Prachin Gujarati Gadhya) (Ph.D)*


| Sr. No. | Student Name | Std. | % | Maholla | Area |
|---|---|---|---|---|---|
| | **SSC / ICSE / CBSE / IGCSE / Std. 10th** | | | | |
| | Smt. Smiaben Vikramkumar Dawawala Marriage Prize - First<br>Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize - 100/100<br>Shri Harshit Bharatkumar Shah English Prize - 100/97<br>Harshit Bharatkumar Shah Science Prize - 100/99 | | | | |
| 1 | Yug Vinay Rajendra Shah | ICSE | 99.00 | Vakhat Ji Ni Sheri | Andheri |
| | Shri Mohanlal Sakarchand Prize - Second<br>Shri Halabhai Maganlal Girls Student Prize | | | | |
| 2 | Tiara ChintanPravinchandra Maniar | ICSE | 97.33 | Chaudhary Ni Sheri | Juhu |
| | Shree Patan Jain Mandal Additional Prize | | | | |
| 3 | Avadhi Tejas Piyush Shah | ICSE | 96.83 | Vasupujya Ni Sheri | Dahisar |
| 4 | Tashvi Akshay Sunil Shah | CBSE | 95.33 | Khadakhotdi No Pado | Goregaon |
| 5 | Dhriti Devang Rameshchandra Shah | ICSE | 94.50 | Tamboli Wado | Kandivali |
| 6 | Manya Mitul Navinchandra Jhaveri | ICSE | 94.30 | Manmohan Ji Ni Sheri | Churchgate |
| 7 | Tanay Hitesh Piyush Shah | ICSE | 94.16 | Vashupujya Ni Sheri | Dahisar |
| 8 | Mahi Devang Mahendra Shah | ICSE | 92.83 | Zaveri Wado | Goregaon |
| | Shree Patan Jain Mandal Additional Prize<br>Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize - 100/96 | | | | |
| 9 | Neev Keyur Mukesh Shah | ICSE | 91.83 | Marfatiya Mehta No Pado | Vile Parle |
| | Shree Patan Jain Mandal Additional Prize | | | | |
| 10 | Mahir Mitesh Nitin Shah | IGCSE | 91.28 | Dank Mehta No Pado | V.P.Road |
| 11 | Daksh Hitesh Shah | 10th | 89.40 | Kanasano Pado | Goregaon |
| 12 | Maher Mitesh Nitin Shah | IGCSE | 87.83 | Dank Mehta No Pado | V.P.Road |

| Sr. No. | Student Name | Std. | % | Maholla | Area |
|---|---|---|---|---|---|
| | **12th (HSC) (SCIENCE)** | | | | |
| | Sevantilal Kantial Prize - First | | | | |
| | Pravinchandra Chimanlal Kilachand Science Prize - 100/98.5 | | | | |
| | Mrudulaben Navinchandra Dawawala Maths Prize - 100/99 | | | | |
| 13 | Ruhi Kunal Pankaj Shah | | 96.8 | Kanasano Pado | Santacruz |
| | Nipun Kapporchand Sonawala Prize - Second | | | | |
| | Patan Jain Mandal Prize - MH / CET State | | | | |
| 14 | Maahir Sachin Paresh Zaveri | | 91 | Zaveri Wado | Vile Parle |
| | Jivibai Laherchand Kotawala Prize | | Third | | |
| | Patan Jain Mandal Prize | MH / CET | | | |
| 15 | Devansh Nilesh Narendra Shah | | 87.83 | Maniyati Pado | Kalyan |
| | Patan Jain Mandal Additional Prize | | | | |
| | Pravinchandra Chimanlal Kilachand Science Prize | | | | |
| | Patan Jain Mandal Prize - MH / CET | | | | |
| 16 | Maitri Chirag Chandrakant Shah | | 79.67 | Kumbhariya Pado | Ghatkopar |
| | Patan Jain Mandal Additional Prize | | | | |
| | Patan Jain Mandal Prize - MH / CET | | | | |
| 17 | Dhruvin Firoz Kumudchandra Shah | | 75.17 | Vakhat Ji Ni Sheri | Goregaon |
| | **12th (HSC) (Commerce)** | | | | |
| | Yashvadan Jeshinglal Chokshi Prize - First | | | | |
| | Khushboo Kartik Navinchandra Shah Account Prize - 100/100 | | | | |
| | Khushboo Kartik Navinchandra Shah Maths Prize - 100/98 | | | | |
| 18 | Dhyaana Krushi Maniar | | 95.5 | Chaudhary Ni Sheri | Santacruz |
| | Yashvadan Jeshinglal Chokshi Prize | | Second | | |
| 19 | Dhruvi Shalin Sanvir Shah | | 94 | Ajit Nath Ni Pole | Walkeshwar |
| | Patan Jain Mandal Additional Prize | | | | |
| 20 | Yashvi Hetal Dineshchandra Shah | | 90.67 | Polni Sheri | Goregaon |
| 21 | Priyanshi Bhavin Lalaykumat Shah | | 90 | Vakhar No Pado | Goregaon |
| 22 | Vrushil Sameer Lalitbhai Shah | | 73.57 | Khetarvasi | Surat |
| | **12th (HSC) (ARTS)** | | | | |
| | Patan Jain Mandal Prize | | | | |
| 23 | Jia Kaushal Mahendra Shah | | 89.33 | Vasupijyani seri | Nepean sea Road |
| | **B.COM** | | | | |
| | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B. COM Prize | | | | |
| 24 | Akshat Krushi Pramodchandra Maniar | | 79.83 | Chaudhary Ni Sheri | Santacruz |
| | **C.A.** | | | | |
| | Shri Mafatlal (Babubhai) Laxmichand Shah | | | | |
| | Bhupendra & Parendra Chartered Accountant Prize | | | | |
| 25 | Darshita Rajesh Himmatlal Shah | | 71 | Maniyati Pado | Bhayander (W) |
| | Shree Patan Jain Mandal Additional Prize | | | | |
| 26 | Nisarg Mukesh Kirtilal Shah | | 56.85 | Mahadevji Ni Sheri | Goregaon |
| 27 | Sakshi Kalpesh Mahendra Shah | | 52.66 | Kasumbiya Wado | Borivali |
| | **M.Sc. (Final)** | | | | |
| | Smt. Renukaben Pravinchandra Chimanlal Jhaveri Post Gradution Prize | | | | |
| 28 | Kashvi Vipul Kesharichand Shah | | | Mahalaxmi Mehta No Pado | Ghatkoper |
| | **M.A. (FINAL) - Jainology & Prakrit** | | | | |
| | Shree Patan Jain Mandal Prize - Age - 74 | | | | |
| 29 | Kailashben Jitendra Parekh | | 79.5 | Kasumbiya Wado | Mulund |

| Sr. No. | Student Name | Std. | % | Maholla | Area |
|---|---|---|---|---|---|
| | **M.D.S. (Prosthodontics)** | | | | |
| | Smt. (Dr.) Nirupamaben Rameshchandra Rasiklal Shah Prize | | | | |
| 30 | Saloni Bhavesh Bharatkumar Shah | | 71.17 | Mahalaxmi Mata No Pado | Haji Ali |
| | **Engineering** | | | | |
| | Shri Hitenbhai Pravinchandra Jhaveri Engineering Prize | | | | |
| 31 | Rahil Amish Priyavadan Sanghavi | "CGPA 9.29" | | Koka No Pado | Borivali |
| | **M.B.A.** | | | | |
| | Kum. Dharini Prithviraj Chandulal Shah Marriage Prize | | | | |
| 32 | Amee Yashmukhlal Dahyabhai Shah (Matliwala) | "GPA 3.8" | | Kanasa No Pado | Ridge Road |
| | Shree Patan Jain Mandal Prize | | | | |
| 33 | Naynesh Sanjeev Sharad Shah | "CGPA-8.47" | | Koka No Pado | Mudhol |
| | **M.Sc. (Computer Science with specialization in Data Science)** | | | | |
| | Shree Patan Jain Mandal Prize | | | | |
| 34 | Pragnesh Pravinchandra Mafatlal Shah | | 70.75 | Koka No Pado | Borivali |
| | **B.L.S. LLB.** | | | | |
| | Shree Patan Jain Mandal Prize | | | | |
| 35 | Charmi Tejas Mahendra Shah | | 75 | Pol Ni Sheri | Kandivali |
| | **Diploma In Computer Engineering** | | | | |
| | Shree Patan Jain Mandal Prize | | | | |
| 36 | Satva Pragnesh PravinchandraShah | | 93.87 | Koka No Pado | Borivali |
| | **Religious Study** | | | | |
| | Smt. Taraben Manilal Gabhruchand Shah Dharmik Prize | | | | |
| 37 | Leena Pramod Himmatlal Maniar | | 75 | Chaudhary Ni Sheri | Santacruz |

## ઈનામ વિતરણના ચમકારા

- **શ્રીમતી કૈલાસબેન જિતેન્દ્રભાઈ પારેખ** (કસુંબિયા વાડો) એ ૭૪ વર્ષની વયે **એમ.એ. ફાઈનલ** ડિગ્રી જૈનોલોજી એન્ડ પ્રાકૃતમાં મેળવી સમાજનું ગૌરવ વધારેલ છે, તે બદલ તેઓને **રૂા. ૫૦૦૦/-ની મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી છે.**
- **શ્રી પ્રજ્ઞેશ પ્રવિણચંદ્ર શાહે** (કોકાનો પાડો) ૫૦ વર્ષની વયે **M.Sc.** (કોમ્પ્યુટર સાયન્સ) અને તેમના સુપુત્ર **ચિ. સત્વ પ્રજ્ઞેશભાઈ શાહે** ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એન્જિનિયરીંગની ડિગ્રી એકજ શૈક્ષણિક સત્રમાં પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધારેલ છે.




# આનંદ પામવાનું મૂળભૂત સૂત્ર છે - આપો 'આપો અને પામો', એક જ સિક્કાની બે બાજુ છે

ચિતોડગઢમાં ભરબપોરે શંખ ફૂંકાયો. એ શંખનો વિશિષ્ટ અવાજ સાંભળી આખો ચોક માણસોથી ભરાઈ ગયો.

મેવાડના મહારાણા પ્રતાપસિંહના ચિત્તોડમાં શંખ ફૂંકાય. એનો અર્થ કે યુદ્ધની તૈયારી. રણભૂમિમાં કેસરિયા કરવા માટેનું જાણે રણશિંગુ ફૂંકાયું અને માનવ મહેરામણ ભેગું થયું એટલે હાથમાં તલવારો અને ભાલા લઈને શત્રુ સૈન્યને ખતમ કરવા માટે રણવીરોની ફોજ ઉમટી જાણે જંગ માટેની જંગી ભીડ.

પણ આ તો મેવાડના મહારાણા પ્રતાપથી આઠસો-હજાર વર્ષ પહેલાંના સમયની વાત છે.

આ શંખ ફૂંકાયો રણ-સંગ્રામ માટે નહીં, પણ જમણ માટેનો. રણ-મેદાનમાં જવા માટે નહીં, પણ ભોજન દાન માટેનો.

આ શંખ ફૂંકાયો, કોઈ રાજા-મહારાજાના આંગણે નહીં, પણ એક જૈન સાધુ મહારાજના આંગણે, કોઈ રાજમહેલના પ્રાંગણમાં નહીં, પણ એક ઉપાશ્રયના ચોકમાં.

ભેગી થયેલી ભીડ સૈનિકોની ન હતી, પણ યાચકોની હતી એમના હાથમાં તલવારો ભાલા-બરછી કે તીર-કામઠાં ન હતા, પણ થાળી-વાટકા-ચમચી કે પતરાળા હતા.

અહીં ભેગા થયેલા માણસોના ચહેરા પર રણ-સંગ્રામનો જુસ્સો નહીં, પણ ભોજન મેળવવાની દીનતા હતી. આ બાહોશ સૈનિકો નહીં, પણ બેહોશ જેવા યાચકો હતા. આ સમય હતો ૧૪૪૪ ગ્રંથોના રચયિતા આચાર્ય પુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનો, ભગવાન મહાવીરસ્વામીના શાસનના જેઓ છેલ્લા પૂર્વધર હતા. જ્ઞાનનો અફાટ દરિયો તેઓશ્રીની રચનાઓમાં ઊછળતો જોવા મળતો. તે સમયના દિગ્ગજ વિદ્વાન. પૂજ્ય આચાર્યદેવશ્રીનો ગોચરી સમય એટલે કે ભોજનનો સમય થાય, તે પૂર્વે તેઓશ્રીના પરમભક્ત લલ્લિંગ નામના શ્રાવક દ્વારા શંખ ફૂંકાવવામાં આવતો.

આચાર્યશ્રીના પરમ વિદ્વાન શિષ્યો - હંસ અને પરમહંસના (જેમનું દીક્ષા પછીનું નામ છે - મુનિશ્રી જિનભદ્ર અને મુનિશ્રી વીરભદ્ર) જેઓ સંસારીપક્ષે કાકા થાય, તેવા લલ્લિંગ શ્રાવક શંખ ફૂંકના દ્વારા નગરના યાચકોને ભેગા કરતા. ભોજનદાન એ સર્વશ્રેષ્ઠ દાન છે. ભૂખ્યા માણસનો સર્વશ્રેષ્ઠ ઉપદેશ છે - ભોજન.

ભડભડતી જઠરાગ્નિને ઠારવાનું પાણી છે - ભોજન

તો ભૂખ્યા માણસને ધર્મ પમાડવાનો અમોલ ઉપાય છે - ભોજન.

ભૂખે પેટ ભજન ના હોય રૂપાળા.

ભૂખ્યા માણસને વશ કરવાનું કામણ છે - જમણ.

આવા અનેકાનેક સૂત્રો પૂજ્યપાદશ્રીના શ્રીમુકે આ ભક્તશ્રાવકે સાંભળ્યા હતા.

પૂજ્યપાદશ્રી કહેતા - 'હું જમવા બેસું, તે પહેલાં આ બધાનું પેટ ભરાઈ જવું જોઈએ. એમના પેટ ખાલી હશે, ત્યાં સુધી મારા પેટને તૃપ્તિ નહીં થાય. અન્યને આનંદ આપ્યા વગર આપણે આનંદ પામી શકતા જ નથી. આનંદ પામવાનું મૂળભૂત સૂત્ર છે - આપો, આનંદ આપો.'

તેઓ શ્રીમદ્‌ના પ્રવચનામૃતનું આકંઠપાન કરેલા લલ્લિંગ શ્રાવક રોજ શંખનાદનું પાન કરાવી ભોજનનું અમૃતપાન કરાવતા. દરરોજ હજારો માણસોના પેટની જઠરાગ્નિ શાંત કરતા અને એમના મનને શાંતિ આનંદ આપતા.

શંખનાદના શ્રવણે વિશાળ ચોકમાં જનતા ભેગી થતી. આચાર્ય - પુરંદરશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ત્યાં પધારતા. પૂજ્યશ્રી પોતાના શ્રીમુખે માંગલિક શ્રવણ કરાવી તેમના કર્ણપટલના માધ્યમે આત્માને પવિત્ર કરતાં.

ત્યારબાદ પૂજ્યશ્રી આશીર્વાદ આપતા. કર્ણપટલ દ્વારા કર્મ-પડલ દૂર થઈ જાય એવી શુભ-શુદ્ધ ભાવનાથી સૂત્રોચ્ચાર કરતાં. 'તમારો ભવવિરહ થાઓ. તમારો ભવ-વિરહ થાઓ.'

આ શબ્દોના ઉચ્ચારણથી શ્રીમદ્ તેમને કહેતા હતા કે, તમારો આ દુઃખી સંસાર અટકી જાઓ. દુઃખી સંસારનો વિયોગ થાઓ. આ દુઃખી સંસારથી તમે છૂટી જાઓ અને સંપૂર્ણ તથા સર્વકાલીન સુખ સંસારને તમો પામો.

છેલ્લે જનતા જનાર્દન આ આશીર્વાદ પામી પૂજ્યશ્રીનો જયજયકાર કરતી. તેઓ પણ પૂજ્યશ્રી પ્રત્યેના શ્રદ્ધાભાવ સાથે પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરતા.

'ભવવિરહ સૂરિ ઘણું જીવો'

'ભવવિરહસૂરિનો જય થાઓ - વિજય થાઓ.'

## અભિનંદન



ભાભાના પાડાના હાલ તારદેવ શ્રીમતી પ્રિયંકા અને શ્રી સૌમિલ રમેશભાઈ શાહની સુપુત્રી **ચિ. અનાયાને** રાષ્ટ્રિય ચિત્રકળા સ્પર્ધામાં ભારતના રક્ષામંત્રી **શ્રી રાજનાથસિંગ** અને શિક્ષામંત્રી **શ્રી ધર્મેન્દ્ર પ્રધાન** દ્વારા તેની **ઉત્કૃષ્ટ ચિત્રકળા** માટે દિલ્હીમાં પુરસ્કાર આપવામાં આવ્યો છે અને સાથે ૨૬ જાન્યુઆરીના દિવસે રાજપથની પરેડમાં ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું તે બદલ આપને ખુબ ખુબ અભિનંદન





મોંઘી હેન્ડબેગ્સ પર પેઈન્ટિંગ કરવાનો અનોખો બિઝનેસ છે આ આર્ટિસ્ટનો ઘણા લોકોના વોર્ડરોબમાં મોંઘીદાટ બ્રેન્ડેડ હેન્ડબેગ્સ એમ જ ધૂળ ખાતી પાડી હોય છે. કાં તો એના લેધરનું લેયર ઊખડી ગયું હોય કાં તો બેગનો એટલીબધી વાર યુઝ કરી લીધો હોય કે પછી એમ થાય કે હવે આ નથી વાપરવી. આ સમસ્યાને ઉકેલવાનું કામ કરે છે કફ પરેડમાં રહેતા (મહાદેવાજીની શેરી)ના **શ્રી પરાગભાઈ પ્રફુલભાઈ શાહના પત્ની શ્રીમતી દયિતાબેન પરાગભાઈ શાહ.** આવી બેગ્સ પર હેન્ડ-પેઈન્ટિંગ કરીને એને તદ્દન નવો લુક આપે છે જેથી ક્લાયન્ટ એને હજી થોડાં વર્ષો સુધી વાપરી શકે. દયિતા શાહ એક પ્રોફેશનલ આર્ટિસ્ટ છે અને હેન્ડબેગ પેઈન્ટીંગના કામ માટે ખાસ ન્યુયોર્કથી લેધર કલર ઓર્ડર કરે છે.






**Shri Ajitbhai Shah - Export • Import • Training**

We are happy to inform you that Universal Connections LLP has been honoured with the prestigious * India 5000 Best MSME Award 20241! This recognition celebrate our commitment to excellence and dedication in the field of International Trade Consulting & EXIM Training.

## ''ટાંચણી''

આજે નલિનીબેનનું ધ્યાન સામાયિકમાં રહેલું ન જોઈને પાડોશી નિશાબેન સમજી ગયા કે ઘરમાં વાસણ ખખડયા લાગે છે. સમજાવટથી પૂછતાં નલિનીબેન બોલ્યા, છોકરાઓ ભણીને મોટા ક્યારે થયાં તે ખબર ન પડી પણ પુત્રવધૂઓને સાથે રાખીને, ઘરમાં શાંતિ કેમ રાખવી તેજ સમજાતું નથી.

ત્યારે નિશાબેને સમજાવતાં કહ્યું કે, આપણે વડીલ છીએ. કાતર જેવો સ્વભાવ રાખીને બે કટકા ન કરાય. સોય જેવા થઈને, સંબંધોને, ટાંકા પાડીને પરાણે સીવી પણ ન રખાય. આપણે તો ટાંચણી જેવું થવું પડે. જેવી રીતે ટાંચણી પત્રોને વેરવિખેર થવા ન દેતા, બધા પત્રોમાં સમાઈ જાય છે. બધા પત્રોને સાથે રાખે છે. ટાંચણી ભોંકાય છે જરૂર પણ ચીરો પડવા ન દેતા પોતાના અણી જેટલી જગ્યા મેળવી લે છે હૃદયમાં ! તેવી જ રીતે થોડું કડક પણ પ્રેમ, સમજાવટ પતાવટ અને કુનેહથી કામ લેતા ઘરમાં શાંતિ જરૂરથી જાળવી શકાય. ટાંચણી છેદ કરતી હોવા છતાં એ વિચ્છેદ નથી કરતી, સુલેહ રાખે છે, એકતા રાખે છે. આપણે પણ બધાને સાચવીને, ભળીને એકરૂપ થવાનું છે.

આ સાંભળીને નલિનીબેન બીજા સામાયિકમાં એકાગ્ર થઈ ગયા... !

❑ **શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત વુમન એમ્પાવરમેન્ટ કમિટી દ્વારા આયોજિત આગામી કાર્યક્રમ




શનિવાર, તા. ૦૮-૦૩-૨૦૨૫ના દિને

સમય બપોરે ૩.૦૦ વાગ્યાથી

સ્થળ : આજીવાસન હોલ, સાંતાક્રુઝ ખાતે કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

વિવિધતા સભર વાર્ષિક કાર્યક્રમની વિગતો વોટ્સએપ ગ્રુપ દ્વારા ટૂંક સમયમાં જણાવવામાં આવશે.

## સંસ્થા સમાચાર

### શ્રી પાર્શ્વજિન યાત્રા મંડળ યોજીત પેણ-પોટનેર-શ્રી પાર્શ્વપુરમ તિર્થ - રોહા યાત્રા પ્રવાસે

શ્રી પાર્શ્વજિન યાત્રા મંડળ દ્વારા તા. ૮ અને ૯ ફેબ્રુઆરીએ કોકણ તીર્થ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુબઈ તથા ઉપનગરમાં વસતા લગભગ ૯૦ ભાઈ બહેનોએ લાભ લીધો હતો.

સૌ પ્રથમ ૨ એસી બસ દ્વારા અટલ સેતુ માર્ગે ''પેણ'' જિનાલયના દર્શન કરી ''પોટનેર'' પહોંચ્યા ત્યાં કોકણ પાર્શ્વનાથ જિનાલયમાં સેવા પૂજા તેમજ બપોરનું જમણ કરીને ઈદાપુર પહોંચ્યા ત્યાં દર્શન કરી બપોરના ચા-કોફી અને નાસ્તો કરીને શ્રી પાર્શ્વપુરમ તીર્થમાં ચોવિહાર કર્યા. રાતના બધાજ ઉલ્લાસભેર પ્રભુ ભક્તિ - ભાવના - આરતી - મંગળદીવો ઉતારવાનો લાભ લીધો.

ત્યારબાદ રાતના ૮.૩૦ કલાકે યાત્રાળુઓ સાથે એક સભાનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન **શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ** દ્વારા કરવામાં આવેલું. જેમાં તેમના દ્વારા આવેલ સર્વે યાત્રિકોનો આભાર માનવામાં આવ્યો હતો. ભવિષ્યમાં યાત્રા પ્રવાસના સ્થળો માટે સૂચન મંગાવવામાં આવ્યા હતા. **શ્રીમતી પીનાબેન જનકભાઈ શાહ** દ્વારા પ.પૂજ્ય પં. પ્રવર આચાર્ય સમ **શ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા**ના જીવન ઉપર આધારિત સવાલ જવાબની હાઉસી રમાડવામાં આવી, જેમાં સાત વિજેતાઓને રોકડ રકમ આપીને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

શ્રી પાર્શ્વપુરમ તીર્થ રાત્રી રોકાણ કરીને બીજે દિવસે સેવા પૂજા તેમજ સ્નાત્ર મહોત્સવમાં સહુ લીન બનીને પુણ્યનું ભાથુ બાંધ્યું. આ જ પરિસરમાં આવેલ શ્રી અભય પાર્શ્વનાથ જિનાલયના દર્શન કરી બપોરનુ જમણ કરીનો કોલાર્ડ દર્શન કરીને રોહામાં બે જિનાલયના દર્શન તેમજ ચોવિહાર કર્યા બાદ પ્રવાસના મધુર સંસ્મરણો વાગોળતા એકમેકને પુનઃ મળવાનું વચન આપી ખુશનુમાં વાતાવરણમાં વિખરાયા.


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/–નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# સાભાર સ્વીકાર

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકકુમાર રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**

૫૨,૫૫,૦૦૦/- સ્વ. શ્રીમતી વસંતબેન ચંપકલાલ મણિલાલ ઝવેરી હ. શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી અશ્વીનભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી ધનંજયભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

૧૭,૦૦,૦૦૦/- શ્રીમતી કાનલબેન હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) (ગતાંકમાં સુધારી વાંચવુ)

**વૃદ્ધજન / મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી ઋત્વિક જતિનભાઈ શાહ (ખજુરીનો પાડો)

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧,૨૫,૦૦૦/- ડૉ. દત્તાબેન ચીમનલાલ શાહ (શાંતિનાથની પોળ)

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રી શૈલેષભાઈ કેશવલાલ ગાંધી

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫૦,૦૦૦/- પ્રતિક્રમણ કરતી મરીનડ્રાઈવની બહેનો તરફથી

**દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ :**

૫૦,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન રજનિકાંત શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (કોકાનો પાડો)

૫૧,૦૦૦/- શ્રી અમી યશમુખભાઈ માટલીવાલા Best CIO Award અને એજ્યુકેટીવ માસ્ટર થયાની ખુશાલીમાં (કનાસાનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વિણાબેન વાલ્મિકભાઈ મણિયારના સ્મરણાર્થે (ચૌધરીની શેરી) હ. શ્રી દ્રુપલ વાલ્મિકભાઈ મણિયાર

૨૫,૦૦૦/- શ્રીમતી રંજનબેન અરૂણકુમાર શાહના સ્મરણાર્થે તેમજ રોનકભાઈ નિમેશભાઈ શાહ MBA થયાની ખુશાલીમાં (ભાભાનો પાડો) (ગતાંકમાં સુધારી વાંચવુ)

**જીવન નિર્વાહ ભેટ :**

૨૧,૦૦૦/- મે. નિશકેમ ઈન્ટરનેશનલ પ્રા.લિ. હ. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)


**મકાન વેચવાનું છે**

**વખતજીની શેરી (ફોફલિયા વાડો)**
**બે માળનું પાકા બાંધકામનું**
**Reasonable Rate માં વેચવાનું છે**

Contact :-
9820076892 / 8369039546 / 022-35573543

ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા ઓસવાલ | વખારનો પાડો | ચંદ્રાવતીબેન વિનોદચંદ્ર ચોક્સી | ૯૩ | ગોરેગામ | ૧૨-૧૨-૨૪ | માગસર સુદ ૧૨ |
| વિશા પોરવાળ | મહાદેવાજીની શેરી | ડૉ. સરોજબેન મહેન્દ્રભાઈ સંઘવી | ૯૧ | બ્રીચકેન્ડી | ૨૬-૦૧-૨૫ | પોષ વદ ૧૨ |
| દશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | હર્ષદભાઈ મણિલાલ સંઘવી | ૮૮ | કેમ્પ્સ કોર્નર | ૩૦-૦૧-૨૫ | મહા સુદ ૦૧ |
| દશા શ્રીમાળી | વખતજીની શેરી | વસુમતીબેન મહેન્દ્રભાઈ શાહ | ૯૮ | મરીનડ્રાઈવ | ૩૦-૦૧-૨૫ | મહા સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | મંજુલાબેન કાંતિલાલ શાહ (પાલેજવાળા) | ૯૫ | અંધેરી | ૩૧-૦૧-૨૫ | મહા સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | અમરુભાઈ કાંતિલાલ મહેતા | ૮૮ | બોરીવલી | ૦૧-૦૨-૨૫ | મહા સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | રાજેશભાઈ જેશીંગલાલ શાહ | ૭૫ | ભાયંદર | ૦૨-૦૨-૨૫ | મહા સુદ ૦૫ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | કોકીલાબેન પ્રવિણચંદ્ર મણિયાર | ૮૦ | વિલેપાર્લા | ૦૬-૦૨-૨૫ | મહા સુદ ૦૯ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | સુધીરભાઈ કાંતિલાલ શાહ | ૭૮ | સાયન | ૧૪-૦૨-૨૫ | મહા વદ ૦૨ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# સાભાર સ્વીકાર

| નં. | ડોલર | દાતાઓના નામ | ભેટની વિગત |
|---|---|---|---|
| ૧. | $ ૨૫,૫૦૦ | શ્રી નરેન્દ્રભાઈ અને શ્રીમતી બેલાબેન ખાંડવાલા | સૌરભ મેડિકલ હેલ્થકેર - ડરમેટોલોજી |
| ૨. | $ ૨૫,૦૦૦ | શ્રી ગિરીશભાઈ શાહ (પત્રાવાલા) | લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ |
| ૩. | $ ૧૫,૦૫૦ | શ્રી પ્રવિણભાઈ અને શ્રીમતી કિરણબેન | નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ |
| ૪. | $ ૮,૦૦૦ | શ્રી દિપકભાઈ અને શ્રીમતી બીનાબેન શાહ | લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ |
| ૫. | $ ૬,૪૦૦ | જે.એસ.એમ.સી. સીકાગો | જીવન નિર્વાહ ભેટ |
| ૬. | $ ૧૫,૦૦૦ | શ્રી અશોષભાઈ પટેલ અને શ્રીમતી નેન્સી બી. પટેલ | એજ્યુકેશન / મેડિકલ / જીવદયા ભેટ |
| ૭. | $ ૨૦,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા | પ્રાયમરી સ્કુલ / વિધવા સહાય / મેડિકલ ભેટ / જીવદયા ભેટ |
| ૮. | $ ૨,૦૦૦ | શ્રી અશ્વીનભાઈ શાહ | લોનાવાલા પ્રોજેક્ટ |
| ૯. | $ ૨,૦૦૦ | શ્રીમતી દત્તાબેન મહેતા | મહિલા ઉત્કર્ષ ભેટ |
| ૧૦. | $ ૧,૦૦૦ | શ્રી પંકજભાઈ અને શ્રીમતી નીમીષાબેન | શિક્ષણ સહાય ભેટ |
| ૧૧. | $ ૧,૦૦૦ | શ્રી લીલાબેન એમ. શાહ અને મહેન્દ્રભાઈ સી. શાહ | શિક્ષણ સહાય ભેટ |
| ૧૨. | $ ૫૦૧ | શ્રીમતી સ્મીતાબેન શાહ | મહિલા ઉત્કર્ષ ભેટ |
| ૧૩. | $ ૩૫૧ | શ્રી ભરતકુમાર કોઠારી | જીવન નિર્વાહ ભેટ |
| કુલ | $ ૧,૨૧,૦૦૦ | | |

**જીવનની પ્રત્યેક પળને સ્મિત, પ્રીત અને ગીતથી ખુશીનો ખજાનો બનાવી શકાય
જે લોકો ભૂતકાળની નિષ્ફળતાની ભભૂત ચોળી બેસી રહે છે તેમના હાથમાંથી
ભાવિના અણમોલ વિકાસની શકયતાઓ સરી જાય છે.**


## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય - પાટણ




શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.
પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....

### નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

| | | | |
|---|---|---|---|
| ◆ Multipurpose Hall 1 ... | 25,00,000 | ◆ Multipurpose Hall 2 ... | 25,00,000 |
| ◆ Solar System 1 ... | 25,00,000 | ◆ Lift 1 ... | 5,50,000 |
| ◆ Golden Stone | 2,00,000 | ◆ Silver Stone | 1,00,000 |

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✳ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✳ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● February 2025 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

## સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૨. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
૩. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૪. શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (USA)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,